
શ્રી શકટાંબિકા માતા મંદિર
પસવાદળ
શતાબ્દી મહોત્સવ
વિશેષ
૧૦૦

શ્રી શકટાંબિકા સાધના



श्री शकटाम्बिका साधना



- કવિ -

શ્રી હેમંતકુમાર ગજાનન પાધ્યા

સ્વસ્તિકાનંદ

EBOOK







જય સપ્તસ્વરૂપી શ્રી શકટાંબિકા માતા

માતા શ્રી શકટંબિકાજીનાં
સાત દિવસનાં વિવિધ
સપ્તસ્વરૂપો




[૧] અંબિકા [૨] પાર્વતી
[૩]શકટાંબિકા[૪]ઈન્દ્રાણી
[૫]વૈષ્ણવી [૬]સરસ્વતી
[૭] લક્ષ્મી

જય શ્રી અંબિકા માતા













Usha PRAKASHAN

USHA PRAKASHAN
UNITED KINGDOM
sacredswastika@aol.co

Shri Shakatambika Saadhanaa
શ્રી શકટાંબિકા સાધના

પ્રથમ આવૃત્તિ FIRST EDITION

Available From : www.pothi.com

EBOOK

COMPACT disc CD-ROM


स्कन्द माता
शैल पुत्री
ब्रह्मचारिणी
कुष्माण्डा
कात्यायनी
महागौरी
कालरात्री
चन्द्र घण्टा
JOTHI 5033

લેખકનું નિવેદન

મહર્ષિ ગૌતમ ગોત્રનાં સહસ્ત્ર ઔદિચ્ય બ્રાહ્મણોંનાં આરાધ્ય કુળદેવી જગદ જનની અંબિકાનાં સ્વરૂપમય પ્રાસંગિક અને સ્થાનીય નામાંકરણ પામેલાં શ્રી શકટાંબિકા માતાનું સ્થાન આ ગોત્ર વંશીઓ માટે આદરણીય અને પૂજનીય છે. ઔદિચ્ય પ્રદેશનાં બ્રહ્મવર્તથી મહારાજા મૂળરાજ સોલંકીનાં નિમંત્રણથી વિવિધ ગોત્રધારી એક હજાર સાડત્રીસ બ્રહ્મકુટુંબો વિક્રમ સંવત ૯૯૮નાં વર્ષમાં ગુજરાત આવેલાં અને મહારાજાની વિનંતિને માન આપી તેમનાં આર્થિક યોગદાનથી અહીં સ્થાયી થયેલાં. ગૌતમ ગોત્રનાં બ્રહ્મણો પણ અન્ય ગોત્રનાં બ્રાહ્મણોની જેમ પોતાની કુળદેવી મહામાતા અંબિકાની મૂર્તિ પોતાની સાથે શકટ સવારીમાં એટલે બળદ ગાડીમાં સાથે લઈને આવ્યાં હતાં. ચમત્કારીક રીતે જ આગમન સ્થાન સિદ્ધપુર પહોંચવા પહેલાં કેટલાંક કોષ દૂર આવેલાં પુષ્પાદર ગામે માતા અંબીકાજીની મૂર્તિ જે શકટ ગાડીમાં વિરાજમાન હતી તેનાં બળદો એ જ સ્થાને થંભી ગયાં અને અનેક પ્રયત્નો બાદ પણ આગળ ચાલવાં તૈયાર થયા નહિં. આ ઘટનાને એક ચમત્કારીક દૈવી સંદેશ સમજીને વિદ્વાન બ્રાહ્મણોએ ગૌતમ ગોત્રની કુળદેવી માતા અંબિકાની વિધિવત એ જ સ્થળે પ્રતિષ્ઠા કરી. આ રીતે શકટમાં સવાર થયેલાં આ આદ્યશક્તિ અંબિકામાતા શ્રી શકટાંબિકા માતા તરીકે ઓળખાયાં અને તે નામે તેઓ પ્રચલીત થયાં. આ રીતે ગૌતમ ગોત્રી ઔદિચ્ય બ્રાહ્મણોંનાં કુળદેવી માતા અંબિકા આ પ્રસંગ પર્યંત શ્રી શકટાંબિકા માતાસ્વરૂપે સ્થાપિત થયાં.

કુળદેવીની સાધના એ દરેક કુળનાં વંશજોનો કુળધર્મ છે. મહામાતેશ્વરી કુળદેવીની સાધનાથી જ વ્યક્તિ સુખ શાંતિ, સમૃદ્ધિ અને ઐશ્વર્યની પ્રાપ્તિ કરી શકે છે, પોતાની કુળદેવીની સાધના અને આરાધનાથી જ વ્યક્તિ આધ્યાત્મિકતા દ્વારાં આરાધ્ય કુળદેવીની કૃપા અને આશિર્વાદ પામી શકે છે અને પોતાનો, પોતાનાં કુટુંબનો અને પોતાનાં કુળ કે વંશનો ઉદ્ધાર કરી શકે છે. સાધનાનાં વિવિધ માર્ગો અથવા પ્રકારો છે. જેવાં કે ભક્તિ, યોગ, જ્ઞાન, ધ્યાન, તંત્ર ઈત્યાદિ. દેવ યા દેવીને સાધવા માટે સર્વ પ્રકારની સાધનાનાં માર્ગોમાં, ભૌતિક અને સાંસારીક જીવનમાં વ્યસ્ત વ્યક્તિઓ માટે ભક્તિ માર્ગ સરળ અને સુગમ છે. ભક્તિનાં માર્ગમાં આરાધ્ય દેવ દેવીઓની સાધના ભજન, કિર્તન, ધૂન, શ્લોક, સ્તુતિ, આરતી, ગરબાં જપ, પૂજા પાઠ ઈત્યાદિનાં માધ્ય દ્વારાં કરી શકાય છે. મહર્ષિ ગૌતમ ગોત્રી સહસ્ત્ર ઔદિચ્ય બ્રાહ્મણોંનાં આરાધ્ય કુળદેવી શકટાંબિકાની ભક્તિ ભાવે સાધના કરવામાં સાધકોને સહાયક અને ઉપયોગી બને તેમજ આધ્યાત્મિકતાની પ્રાપ્તિમાં મદદરૂપ બને એ શુભ આશયથી જ આ પ્રકાશન કર્યું છે. માં શકટાંબિકાના આશિર્વાદ અને પ્રેરણાથી મારાં અંતરાત્મામાંથી ઉદભવેલ મારી ભક્તિરસની ગુજરાતી અને હિંદી કૃતિઓ અથવા રચનાઓનાં સંગ્રહ "શ્રી શકટાંબીકા સાધના"ને ગૌતમ ગોત્રનાં સર્વ વંશજ ભાઈઓ, બહેનો અને બાળકો સમક્ષ રજુ કરતાં ભવ્યતા અનુભવું છું. અપેક્ષા રાખું છું કે ગૌતમ ગોત્રનાં મારાં આત્મીય બંધુઓ અને ભગીનીઓને આપણી કુળદેવી માતા શકટાંબિકાજીની ભક્તિસાધનાનાં માર્ગમાં મારાં લખેલ આ ભજન, આરતી ગરબાં ઈત્યાદિનો સંગ્રહ માર્ગદર્શક બની રહે.

" સ્વસ્તિક સદન "
યુનાઈટેડ કિંગ્ડમ
ચૈત્ર શુક્લપક્ષ, દુર્ગાષ્ટમી,
વિક્રમ સંવત ૨૦૬૯

- હેમંતકુમાર ગજાનન પાધ્યા
' જય શ્રી શકટાંબિકે નમઃ'
' જય શ્રી ગૌતમઋષિભ્યો નમઃ'
SacredSwastika@aol.com



श्री शकटांबिका माता

त्वमेव अंबिका च पार्वती त्वमेव । त्वमेव ईंद्राणी च वैष्णवी त्वमेव ॥

त्वमेव लक्ष्मी च सरस्वती त्वमेव । त्वमेव श्रीदेवी च नवदुर्गा त्वमेव॥

त्वमेव दशविद्या च सप्तमातृका त्वमेव । त्वमेव माता च शक्ति त्वमेव॥

त्वमेव जगदंबा च शकटांबिका त्वमेव । त्वमेव सर्वम मम कुलदेवी ॥

- हेमंत गजानन पाध्या

પ્રસ્તાવના

મહર્ષિ ગૌતમ ગોત્રનાં બ્રાહ્મણોનાં આરાધ્ય કુળદેવી શ્રી અંબિકામાતાનાં આદિકાળનાં પુષ્પાદર અને હાલનાં પરવાદળ નામે ઓળખાતાં ગામમાં શ્રી શકટાંબિકા માતાનાંસ્વરૂપે સ્થાપિત થયેલાં સુપ્રસિદ્ધ મંદિરનાં ભવ્ય પુનઃનિર્માણની શતાબ્દિ સમારોહની અનોખી ઉજવણીનાં શુભ પ્રસંગે અમારી આરાધ્ય કુલદેવી મહાશક્તિ માતા શ્રી શકટંબિકાજીનાં ચરણાવિંદમાં શ્રી હેમંતકુમાર ગજાનન પાધ્યા રચિત ગુજરાતી અને હિંદી ભજનો આરતી ગરબાં ધૂન ઈત્યાદિનની ભક્તિસાધના સ્વરૂપી ''શ્રી શકટાંબિકા સાધના' સંગ્રહ ની પુષ્પમાળા આ ઐતિહાસિક પ્રસંગે શ્રદ્ધાપૂર્વક અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

બે વર્ષ પૂર્વે શ્રી હેમંતકુમાર ગજાનન પાધ્યા દ્વારાં લખેલ '' શ્રી ગૌતમગોત્રની કુળદેવી શ્રી શકટાંબિકા માતા'' પુસ્તકનાં પ્રકાશન પર્યંત આપણી આરાધ્ય દેવી શકટાંબિકાજીનાં મંદિરનાં શતાબ્દિ મહોત્સવનાં મહાન ઓચ્છવ પ્રસંગે એક સ્મરણીય બની રહે એવું પ્રકાશન પ્રકાશિત કરવાની અંતરેચ્છા ઉદભવી. જેનાં પરિણામ સ્વરૂપ શ્રી હેમંતકુમારનાં રચેલાં ભક્તોગીતોનો સંગ્રહ ''શ્રી શકટાંબિકા સાધના' એક વિશેષ ઈ-પુસ્તકનાં રૂપમાં સી.ડી.રોમ અને પોથી.કોમનાં માધ્યમથી તેનું ઓનલાઈન પ્રકાશન પ્રકાશીત કરવાની ઊત્કંઠા જાગતાં તેને મૂર્ત સ્વરૂપ માં શકટંબિકાનાં શુભાશિર્વાદથી પરિપૂર્ણ થયું. વિશ્વમાં બદલાતી જતી ટેકનોલોજી અને કમ્પુટરનાં ઘરઘથ્થુ ઉપયોગ અને ભાવી પેઢીને ધ્યાનમાં રાખીને તેમજ પર્યાવરણ અને વૃક્ષોનાં પુનઃ ઉદ્ધારનાં વિકલ્પોને ધ્યાનમાં રાખી આ પુસ્તકને એક મુદ્રિત પુસ્તક રૂપે પ્રકાશિત ન કરવાનો નિશ્ચય કર્યો છે. જેને માતા શ્રી શકટાંબિકાજીનાં સર્વભક્તજનો આવકારશે એવી અપેક્ષા. આ પુસ્તક ઈ-પુસ્તક હોવાં છતાં જો કોઈ વ્યક્તિને સ્વયં પોતાની પ્રત પોતાનાં પ્રીન્ટર પર તેની નકલ છાપવાની ઈચ્છા હોય તો તેની સુવિધા પ્રાપ્ય છે કારણકે આ પ્રકાશનનો મૂળ ઉદેશ્ય પ્રચાર પ્રસારનો છે.


અમે અપેક્ષા રાખીયે છીએ કે ગૌતમગોત્રી અને શ્રી શકટંબિકા માતાનાં ગુજરાતી અને હિંદી માતૃભાષી ભકત બ્રહ્મજનો આ અમારાં પ્રકાશનને પ્રેમ અને શ્રદ્ધાથી આવકારશે. જો આ પ્રકાશન સમાજમાં નવચેતન અને જાગૃતિ ફેલાવવામાં અને ભકતજનોને ભક્તિરસનો આસ્વાદ કરાવી તરબોળ બનાવવામાં તેમજ તેમની ભક્તિ સાધનામાં સહાયરૂપ બનશે તો અમે અમારાં આ પ્રાસંગિક પ્રયાસને યથાર્થ સમજીશું.

સંવત ૨૦૭૦ નાં મહાસુદ સાતમને દિવસે આયોજીત માતા શ્રી શકટંબિકાનાં પટોત્સવનાં શતાબ્દિ મહોત્સવનાં સમારંભનાં કુંભમેળાની સફળતા માટે શુભેચ્છા અને શુભકામના.

હે માં શકટંબિકા સર્વનું કલ્યાણ કરો !

- પ્રકાશક

ઉષા પ્રકાશન









महर्षि गौतम

त्वेमेव ससर्षि च महर्षि त्वमेव । त्वमेव महामुनि च ब्रह्मर्षि त्वमेव ॥
त्वेमेव न्यायसुत्री च धर्मसुत्री त्वमेव । त्वेमेव द्रष्टा च वेदरचिता त्वमेव॥
त्वेमेव कुलगुरु च, गोत्रकर त्वमेव । त्वमेव पितृ च पितामह त्वमेव॥
त्वेमेव वंशज च गौतमगोत्रकृत त्वमेव । त्वमेव सर्वम मम गोत्रदेव ॥

- हेमंत गजानन पाध्या

श्लोक

मंगलम् शकटांबिकादेवी, मंगलम् जगदंबिका ।
मंगलम् नवदुर्गादेवी, मंगलाय श्री महेश्वरी ।।
सर्वमांगल मांगल्यै, शकटम्बिके सर्वार्थ साधिके ।
शरण्यं योगीनी देवीम्, शकटांबिकादेवी नमोस्तुते ।।

ॐ જય શકટાંબિકે માતા

ॐ જય શકટાંબિકે માતા, માં જય શકટાંબિકે માતા.
ગૌતમગોત્રીનાં સંકટ...સર્વજનોંનાં સંકટ..તત ક્ષણ દૂર કરો........... ॐ જય
તમે નવદુર્ગા માતા, તમે છો દશવિદ્યા માં......માં.......(૨)
તમે છો પાર્વતી દેવી..(૨), લક્ષ્મી સરસ્વતી માં.......... ॐ જય
દશ ભૂજ દુર્ગા તમે છો, તમે છો મહા કાળી માં...માં...(૨)
તમે છો ચંડી ચામુંડા..(૨). દૈત્ય વિનાશીની માં.......... ॐ જય
તમે છો ચોસઠ યોગિની, તમે સપ્તમાતૃકા માં......માં...(૨)
તમે વૈષ્ણવી ઇંદ્રાણી..(૨), જગ જનની તમે માં.......... ॐ જય
શક્તિ તમે છો ભક્તિ તમે છો, શિવશક્તિ તમે માં..માં..(૨)
ગૌતામકુળનાં છો માતેશ્વરી, સર્વે આર્યોનાં તમે માં....... ॐ જય
પરબ્રહ્મ પરમેશ્વરી, તમે અમારાં કુળદેવી માં......માં...(૨)
ગૌતમ ગોત્રીજનોને...(૨), આશિષ તમે આપો માં....... ॐ જય
વિષય વિકાર હઠાવો, પાપ હરો તમે માં ....માં...(૨)
શ્રદ્ધા ભક્તિ વધારો...(૨), સંતોની સદસેવા................. ॐ જય
માતપિતા તમે અમારાં, શરણમાં તારે આવ્યાં......માં...(૨)
તમે છો સર્વશ્વ અમારાં..(૨), લ્યો અમને ગોદમાં.... ॐ જય
ઈચ્છીત ફળ તમે આપો, કષ્ટ મટાડો તનનાં.......માં...(૨)
સુખ સમ્પત્તિ સંતતી આપો..(૨), દુખ મટાડો મનનાં..... ॐ જય
દીન દયાળુ દુખ હર્તા, તમે સંરક્ષક અમારાં...........માં...(૨)
વરદ હસ્ત ઉઠાવો..(૨), શુભવર અમને આપો હે માં.... ॐ જય
તમે કરુણાનાં સાગર, તમે અન્નપુર્ણા માં............માં...(૨)
અમે સેવક તમે સ્વામિ...(૨), કૃપા કરો હે માતા...... ॐ જય

હે.. આવી આવી રે.. આવી..,

હે.. આવી આવી.. આવી.. રે આવી.., શતાબ્દી માનાં મંદીરની....
હે.. લાવી લાવી લાવી.. રે લાવી.., આનંદ ઓચ્છવ લઈને આવી..
શતાબ્દી માનાં મંદીરની.. શતાબ્દી પ્રાણપ્રતિષ્ઠાની...
હે ગૌતમ ગોત્રી મૈંયાની..., હે શ્રી શકટંબિકા મૈયાંની...
હે.. આવી આવી રે.. આવી..,
સોળે શ્રીંગાર સજીને સૌ આવો, માતાને માટે પુજાપો લઈને આવો.
ભાવભક્તિથી જયઅંબે સૌ ગાવો, બે કર જોડીને સૌ શીશ નમાવો.
હે.. આવી આવી રે.. આવી..,
નવરંગ ચુંદડી માતાને ચઢાવો, નવલખ મુંગટ માથા પર પહેરાવો.
ફુલમાળાને માથે વેણી પહેરાવો, રંગબેરંગી માંને ચુડીઓ પહેરાવો.
હે.. આવી આવી રે.. આવી..,
હોમ હવન પૂજા પાઠ કરાવો, છપ્પન ભોગનાં તમે નૈવેદ્ય ચઢાવો.
સ્તુતિ સ્તવન છંદ આરતી ગાવો, શકટંબિકા મૈયાંની ધૂન મચાવો.
હે.. આવી આવી રે.. આવી..,
ઢોલ નગારાં શરણાઈ વગડાવો, શંખ ધ્વનીથી ગગનને ગજાવો.
રાસ રચાવોને ગરબા ગવડાવો, દાંડીયાને તાલે સૌ ઝુમો નાચો.
હે.. આવી આવી રે.. આવી..,
શુભ મંગળ ગીતડાં સૌ ગાવો, મૈયાં જગદંબાનાં ગુણગાન ગાવો,
માતાનાં દર્શનથી ધન્ય થઈ જાવો, શકટંબિકાના શુભાશિષ પામો
હે.. આવી આવી રે.. આવી..,
હે.. આવી આવી. રે.. આવી.., માનાં મંદીરની શતાબ્દી આવી..
હે.. લાવી લાવી.રે.. લાવી.., આનંદ ઓચ્છવ લઈને એ આવી..

આવજો આવજો રે ગૌતમ ગોત્રીઓ તમે.....

આવજો આવજો રે ગૌતમ ગોત્રીઓ તમે, શતાબ્દિ મહોત્સવ ઉજવવાને કાજ
આવજો આવજો રે સૌ શ્રદ્ધાળુજનો તમે, સિદ્ધપુરનાં પસવાદળ તિર્થધામ.............આવજો
ઈસ્વીસન બે હજારને ચઉદનાં વર્ષમાં, મહાસુદ સાતમનાં એ મહા શુભદિને.
શકટામ્બિકા માતાનાં દર્શન કરવાને, વહેલાં પધારજો સહકુટુંબની સાથ ..,,......આવજો
લાવજો લાવજો રે ફળફળાદિ તમે, મારાં શકટામ્બિકા માતાને કાજ.
લાવજો લાવજો રે મીઠાં મેવાં મધુરાં તમે, મારાં જગદમ્બા માતાને કાજ ....આવજો
લાવજો લાવજો રે ચુંદડી-ચોળી તમે, મારાં નવદુર્ગા માતાને કાજ .
લાવજો લાવજો રે ચુડીને ચાંદલો તમે, મારાં કાળિકા માતાને કાજ.............આવજો
લાવજો લાવજો રે ધુપ અત્તર તમે, મારાં ભવાની માતાને કાજ
લાવજો લાવજો રે સોળે શણગાર તમે, મારાં ચોંશઠ યોગીનીને કાજ...........આવજો
લાવજો લાવજો રે હવનપૂજા સામગ્રી તમે, મારાં દશવિદ્યા માતાને કાજ .
લાવજો લાવજો રે છપ્પન ભોગો તમે, મારાં શકટામ્બિકા માતાને કાજ ....આવજો
આવજો આવજો રે સૌ ભક્તજનો તમે, ગરબે રમવાં સારી સારી રાત .
આવજો આવજો રે સૌ વિપ્રજનો તમે, માં શકટામ્બિકાની સેવાને કાજ........આવજો

મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત

હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત, તમને વિનંતિ કરીએ સહુ સાથ,
હે દેજે સુખ સમૃદ્ધિ શાંતિની સાથ, હે માતેશ્વરી શ્રી માં શકટંબિકા........હે મારાં
અમે તારાં છીએ નાનકડાં બાળ, હે માતાજી લેજે અમારી તું સંભાળ.
અમે અબુધ ને છીએ અજ્ઞાન, અમને દેજે તું વિદ્યાનાં દાન...... હે માં શકટંબિકા .
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં.... શકટંબિકા.
અમે નિર્ધન, રંક ને કંગાળ, અમને દે જે તું લક્ષ્મીનાં મોટાં ભંડાર .
અમે દરિદ્ર, રોગી ને નિર્બળ, અમને દે જે તું શક્તિનો સંચાર...,હે માં શકટંબિકા .
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં....
અમે કામી ભોગીને લોભી સાથ, અમને દે જે તું સદબુદ્ધિનાં દાન.
અમે કપટી પ્રપંચીને કાવતરાંબાજ, અમને દે જે તું સદવિચાર.. હે માં શકટંબિકા.
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં....
અમે શાધક તારાં છીએ અંબે માત, કરજો ભુલોને અમારી તમે માફ.
અમે પાયે પડિયે હે નવદુર્ગામાત, ક્ષમા કરજો અમારાં અપરાધ. હે માં શકટંબિકા.
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં....
અમે કરીએ નતમસ્તક તમને નમસ્કાર, કૃપા કરો અમારાં પર અપાર.
આપો અમને શુભવરનાં વરદાન, કરજો ગૌતમત્રીઓના કલ્યાણ.. હે માં શકટંબિકા
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં....

હે મારી કુળદેવી .....

હે મારી કુળદેવી શકટાંબિકે માત, તમને ભાવે ભજીએ દિન રાત.
હો તમે લેજો અમારી સંભાળ, હે જગજનની માતા શ્રી શકટાંબિકા.
અંબિકા માં જગદંબિકા...પસવાદળવાળી અમારી શકટાંબિકા.. .
હે તારી મહિમાં છે અપરંપાર, હે તારી માયા મમતા અઢળક અપાર.
હે તારાં અદભૂત અનોખાં ચમત્કાર, હે તારો સ્નેહ મહાસાગર વિશાળ.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....
હે તારી સુંદરતાનો નથી કોઈ જોડ, હે તારી દિવ્યતાનો ન્થી કોઈ પાર.
હે તારી લીલા છે અતિ અલૌકીક, હે તારી શક્તિ છે વિપુલ વિશાળ.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....
હે તારી અનુકમ્પા કરુણા છે મહાન, હે તારી કૃપા દયાનો નથી પાર.
હે તું તો લે છે ભક્તોની સંભાળ, હે તું તો કરે છે ભક્તોનું કલ્યાણ.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....
હે ભાવે ભજીએ સદા તમારું નામ, હે લેજો શરણમાં અમને અંબે માત.
હે દેજો તારાં ચરણોંમાં અમને સ્થાન, હે કરજો હવેતો અમારો ઉદ્ધાર.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....
હે અમે વંદન કરીએ વારંવાર, હે અમને આપોને શુભ આશિર્વાદ.
હે તારાં ભક્તો જુએ છે તારી રાહ, હે હવે દર્શન દ્યોને માં તત્કાળ.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....



હે સાતે દિવસે.....

હે સાતે દિવસે, માં શકટાંબિકાનાં ગુણ ગાઈએ રે લોલ.

હે કરીએ અમે [૨] પૂજન અર્ચન સહુ સાથમાં રે લોલ........ હે સાતે દિવસે..

હે સોમવારે, માં તમે પાર્વતીનું રૂપ ધરીને આવીયાં રે લોલ.

હે આવ્યાં તમે [૨] નંદીપર થઈને અસવાર રેં લોલ.............હે સાતે દિવસે..

હે મંગળવારે, માં તમે શકટાંબિકાનું રૂપ ધરીને આવીયાં રે લોલ.

હે આવ્યાં તમે [૨] સિંહશકટ પર થઈને અસવાર રે લોલ .....હે સાતે દિવસે..

હે બુધવારે, માં તમે ઈન્દ્રાણીનું રૂપ ધરીને આવીયાં રે લોલ.

હે આવ્યાં તમે [૨] ઐરાવત પર થઈને અસવાર રે લોલ .....હે સાતે દિવસે ..

હે ગુરુવારે, માં તમે વૈષ્ણવીનું રૂપ ધરીને આવીયાં રે લોલ.

હે આવ્યાં તમે [૨] ગરુડ પર થઈને અસવાર રે લોલ ....હે સાતે દિવસે..

હે શુક્રવારે, માં તમે સરસ્વતીનું રૂપ ધરીને આવીયાં રે લોલ.

હે આવ્યાં તમે [૨] હંસ પર થઈને અસવાર રે લોલ ....હે સાતે દિવસે..

હે શનીવારે, માં તમે લક્ષ્મીનું રૂપ ધરીને આવીયાં રે લોલ.

હે આવ્યાં તમે [૨] હાથી પર થઈને અસવાર રે લોલ ....હે સાતે દિવસે..

હે રવિવારે , માં તમે અંબિકાનું રૂપ ધરીને આવીયાં રે લોલ.

હે આવ્યાં તમે [૨] વાઘ પર થઈને અસવાર રે લોલ ....હે સાતે દિવસે..

હે સાતે દિવસે, માતા શકટામ્બીકા પધારીયાં રે લોલ.

હે આવ્યાં એતો [૨] વિવિધ સ્વરૂપો લઈને નીશદિન રે લોલ......હે સાતે દિવસે.



આવજો આવજો રે.....

આવજો આવજો રે આવજો શકટંબિકામાતા, આવજોને અમારે ઘેર.
પગલાં પાડવાં રે શુકનવંતા અંબેમાતા, ભલે પધારોને અમારે ઘેર.
ઉંચા વિશાળ મેંતો મંડપ બંધાવ્યાં, સુગંધી અત્તરોથી મેંતો ચોક છંટાવ્યાં.
રંગબેરંગી મેંતો જાજમગાલીચાં બિછાવ્યાં, હે મારી શકટાંબિકા માંને કાજ
આવજો આવજો રે.....
માણેક મોતીનાં મેંતો આભલાં ગુંથાવ્યાં, નવરત્ન જડીત મેં તો સિંહાસન મંગાવ્યાં.
હીરા રત્નો નાં મેંતો હિડોળાં બંધાવ્યાં, હે મારી શકટાંબિકા માંને કાજ.
આવજો આવજો રે.....
આશોપાલવનાં મેંતો તોરણ બંધાવ્યાં, રંગીન પુષ્પોથી મેંતો મંડપ શણગાર્યાં
નવરંગનાં નીતનવાં મેંતો સાથિયા પુરાવ્યાં, હે મારી નવદુર્ગા માંને કાજ.
આવજો આવજો રે.....
સોળે શણગારનાં મેંતો શ્રીંગારો મંગાવ્યાં, સોનાં ચાંદીનાં નવલખ હારલાં ઘડાવ્યાં.
નવરંગી ચુંદડી ને મેંતો ચોળી સિવડાવ્યાં, હે મારી નવદુર્ગા માંને કાજ.
આવજો આવજો રે.....
સુગંધી સુમનનાં મેંતો હારવેણી ગુંથાવ્યાં, હસ્ત્ર જ્યોતિનાં મેંતો દિવડાં પ્રગટાવ્યાં.
ધૂપ દીપ ને મેંતો નવાં નૈવેદ ચઢાવ્યાં, હે મારી શકટાંબિકા માંને કાજ.
આવજો આવજો રે.....
સહસ્ત્ર ઘંટોનાં મેંતો નાદ રણકાવ્યાં, શહેનાઈ સારંગીના શુરો વગડાવ્યાં
ધમ ધમતા ઢોલને નહારાં વગડાવ્યાં, હે મારી શકટાંબિકા માંને કાજ.
આવજો આવજો રે.....
પંચાંમૃતનાં મેંતો આચમન કરાવ્યાં, મધુરાં મેવાનાં મેંતો પ્રસાદ ધરાવ્યાં.
ગંગાજળથી મેંતો કળશો ભરાવ્યાં, હે મારી નવદુર્ગા માતાને કાજ.
આવજો આવજો રે.....
મીઠાં મધુરાં મેંતો પકવાનો બનાવ્યાં, એકવીશ વાનીનાં મેંતો શાક બનાવ્યાં.
છપ્પન ભોગનાં મેંતો અણકોટ ધરાવ્યાં, હે મારી નવદુર્ગા માંને કાજ.
આવજો આવજો રે.....
એલચી લવીંગનાં મેંતો પાનબીડાં બનાવ્યાં, વિવિધ પ્રકારનાં એમાં મુખવાસ નંખાવ્યાં,
સોના ચાંદીનાં મેંતો વરખો ચઢાવ્યાં, હે મારી શકટાંબિકા માંને કાજ.
આવજો આવજો રે આવજો શકટંબિકા માતા, આવજોને રમવાં ગરબે આજ.
લાવજો લાવજો રે લાવજો શકટંબિકા માતા, લાવજોને ચોંસઠ યોગિનીઓને સાથ
લાવજો લાવજો રે લાવજો શકટંબિકા માતા, લાવજોને નવદુર્ગા માતાઓને સાથ.

નમો નમો શકટંબિકે માત.....

નમો નમો શકટાંબિકે માત, હે માતા અંબિકા,
નમો નમો શકટાંબિકે માત, હે મૈંયા નવદુર્ગા. .... નમો નમો શકટંબિકે માત
પસવાદળવાળાં મોરી માત, હે માતા શકટંબિકા.
સપ્ત સવારી વાળાં મોરી માત, હે મૈંયા શકટાંબિકા. ... નમો નમો શકટંબિકે માત
ગૌતમકુળનાં કુળદેવી મોરી માત, હે માતા શકટંબિકા.
પાધ્યા પરિવારનાં કુળદેવી માત, હે મૈંયા શકબિટાંકા. ... નમો નમો શકટંબિકે માત
ગૌતમગોત્રીઓની લેજે તું સંભાળ, હે માતા શકટાંબિકા.
પાધ્યા પરિવારની લેજે તું સંભાળ, હે મૈંયા શકટાંબિકા ..નમો નમો શકટંબિકે માત
ભક્તોનાં દુઃખ હરનારી મોરી માત, હે માતા શટાંકબિકા.
ભક્તોનાં કષ્ટ હરનારી મોરી માત, હે મૈંયા શકટાંબિકા.... નમો નમો શકટંબિકે માત
ભક્તોનાં ભીડ હરનારી મોરી માત, હે માતા શકટાંબિકા.
ભક્તોનાં વિઘ્ન હરનારી મોરી માત, હે મૈંયા શકટાંબિકા. નમો નમો શકટંબિકે માત
સેવકોનાં ભય દૂર કરનારી મોરી માત, હે માતા શકટંબિકા.
સેવકોનાં સંકટ હરનારી મોરી માત, હે મૈંયા શકટાંબિકા....નમો નમો શકટંબિકે માત
સેવકોનું કરજે સદા તું કલ્યાણ, હે માતા શકટંબિકા.
શાધકોને દેજે તું શુભ આશિર્વાદ, હે મૈંયા શકટાંબિકા.......નમો નમો શકટંબિકે માત
દીનદુખીયાંને દેજે ધન ધાન્ય, માતા શકટાંબિકા.
સર્વ ભક્તોની લેજે તું સંભાળ, હે મૈંયા શકટાંબિકા ....નમો નમો શકટંબિકે માત
'હેમ' હસ્તે લખાયાં છે તુજ ગાન, હે માતા શકટાંબિકા.
પાયે લાગું તમને હું મોરી માત, હે મૈંયા શકટાંબિકા ....નમો નમો શકટંબિકે માત
ગૌતમગોત્રીઓનાં સ્વિકારો પ્રણામ, હે માતા શકટાંબિકા.
પાધ્યા કુટુંબનાં સ્વિકારો નમકાર, હે મૈંયા શકટાંબિકા ....નમો નમો શકટંબિકે માત



દોહો

નર્કાસુર સંહારિણી ધરી ત્રિશુળ તલવાર.

હે અંબે જય શકટંબિકે નમન કરું વારંવાર.

જય હો જય હો જય માં.....

જય હો જય હો જય માં નવદુર્ગા,જય જય જય હો જય માં દશવિદ્યા.
જય હો જય હો જય શકટાંબિકા, જય જય જય હો જય જગદંબિકા.
જય કાળી જય મહાકાળી., જય હો જય કલકત્તાવાળી.
જય અંબે જય અંબિકાજી, જય હો જય શકટાંબિકાજી.
.જય શક્તિ જય મહારાણી., જય હો જય આરાસુરવાળી.
હરપળ તારાં ગુણગાન્હું ગાવું, દીપ પ્રગટાવું પસવાદળવાળી.
જય કાળી જય મહાકાળી., જય હો જય કલકત્તાવાળી......
જે દિવસથી દ્વારે તારાં, હું પુષ્પો ચઢાવવાં આવી છું.
શ્રદ્ધા ભક્તિથી અર્પણ કરતાં, સુખ્સ સંપત્તિ હું પામી છું.
કૃપા કરો હે મારી ભાગ્યવિધાતા, દયા કરો મારી સુખદાતા.
અરજ સ્વિકારો તમે હવે મારી, સ્તુતિ કરું હે પસવાદળવાળી.
જય કાળી જય મહાકાળી...,જય હો જય આરાસુરવાળી...
દર્શન કરવાં આવી છું તારાં, તુજ દ્વારે હે અંબે મૈંયા.
દીન અભાગી દ્વારે ઉભી છું, આ ભવ પાર કરાવો મૈંયા.
વિશ્વજનોની તું પાલનહારી, હે જગજનની પોષણહારી.
હરપળ તારાં ગુણગાન હું ગાવું, આરતી ઉતારું પસવાદળવાળી.
જય કાળી જય મહાકાળી...,જય હો જય આરાસુરવાળી...
સર્વની સુરક્ષા કરવાવાળી માં, કરજે સદા મારી પણ રક્ષા.
તારાં આંગણે આવી છું હું માં, કરવાં પ્રાયશ્ચિત પાપોનું મારાં.
ષાષ્ઠાંગવત પ્રણામ તમને સીધાવું, દયા કરો શકટાંબિકે માતા.
હરપળ તારાં ભજન હું ગાવું, દીપમાળ પ્રગટાવું પસવાદળવાળી.
જય કાળી જય મહાકાળી...,જય હો જય આરાસુરવાળી...



હે પ્રથમ પાયે લાગું

હે પ્રથમ પાયે લાગું શકટાંબિકા માતને રે લોલ.
હે મારી કુલદેવી માં અંબિકા માતને રે લોલ. .... હે પ્રથમ પાયે
પહેલે નોરતે માં શૈલપુત્રી આવીયાં રે લોલ.
સજી સોળે શણગાર એતો આવીયાં રે લોલ,
એતો વૃષભપર સવારી કરીને આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
બીજે નોરતે માં બ્રહ્મચારીણી આવીયાં રે લોલ.
સફેદ સાડી પહેરીને એતો આવીયાં રે લોલ,
એતો માળા કમંડળ લઈને આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
ત્રીજે નોરતે માં ચંદ્રઘંટા આવીયાં રે લોલ.
સજી સોળે શણગાર એતો આવીયાં રે લોલ,
એતો વાઘપર સવારી કરીને આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
ચોથે નોરતે માં કુશમંડા આવીયાં રે લોલ.
સજી સોળે શણગાર એતો આવીયાં રે લોલ,
એતો વાઘપર સવારી કરીને આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
પાંચમે નોરતે માં સ્કંદમાતા આવીયાં રે લોલ.
સજી સોળે શણગાર એતો આવીયાં રે લોલ,
એતો સિંહપર સવારી કરીને આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
છઠ્ઠે નોરતે માં કાત્યાયણી આવીયાં રે લોલ.
સજી સોળે શણગાર એતો આવીયાં રે લોલ,
એતો સિંહપર સવારી કરીને આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
સાતમે નોરતે માં કાલરાત્રી આવીયાં રે લોલ.
લાલ સાડી પહેરીને એતો આવીયાં રે લોલ,
એતો ખરપર સવારી કરીને આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
આઠમે નોરતે માં મહાગૌરી આવીયાં રે લોલ.
સજી સોળે શણગાર એતો આવીયાં રે લોલ,

એતો નંદીપર સવારી કરીને આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
નવમે નોરતે માં સિદ્ધદાત્રી આવીયાં રે લોલ.
સજી સોળે શણગાર એતો આવીયાં રે લોલ,
એતો આઠે સિદ્ધિઓ આપવાં આવીયાં રે લોલ.
સાથે શકટાંબિકા માતાને તેડી લાવીયાં રે લોલ. .... હે પ્રથમ પાયે
નવરાત્રીનાં નવ દિન પુજા પાઠ કરો રે લોલ,
લેવાં માતા નવદુર્ગાનાં શુભાશિષ રે લોલ,
માતા શકટાંબિકા કરશે સર્વનું સદા ભલું રે લોલ
સાથે કરશે તમારાં જીવનનો ઉદ્ધાર રે લોલ. .... હે પ્રથમ પાયે

ૐ જય શકટાંબિકા માતા..... [આરતી]

ૐ જય શકટાંબિકા માતા, મૈંયા જય જગદંબા માતા.
ગૌતમી વિપ્રોનાં સંકટ..[૨] તતક્ષણ દૂર કરો.. ૐ જય.....
તમે તો બ્રહ્મા પ્રિયા છો, તમે છો સરસ્વતિ માં..મૈંયા..[૨]
જ્ઞાન વિદ્યાની દેવી..[૨] દયા કરો હે શારદા માં...ૐ જય.....
તમે તો વિષ્ણુ પ્રિયા છો, તમે છો મહાલક્ષ્મી માં..મૈંયા..[૨]
સુખ વૈભવની દેવી..[૨] કૃપા કરો હે વૈષ્ણવી માં...ૐ જય.....
તમે તો મહેશ પ્રિયા છો, તમે છો પાર્વતી માં..મૈંયા..[૨]
પ્રેમ શક્તિની દેવી..[૨] કરૂણા કરો હે ગૌરી માં...ૐ જય.....
તમે તો દશવિદ્યા છો, તમે છો નવદુર્ગા માં..મૈંયા..[૨]
ચોસઠ યોગીની દેવી..[૨] તમે છો સપ્તમાતૃકા માં...ૐ જય.....
વિશ્વજનેતા તમે છો, મમતા કરો હે માં..મૈંયા..[૨]
પાલક પોષક તમે છો, તમે સંરક્ષક હે માં ..ૐ જય.....
ગૌતમ ગોત્રીઓને વર દ્યો, સુખ શાંતીનું હે માં...મૈંયા..[૨]
જ્ઞાન. ધન ધાન્ય સર્વ આપો..[૨] ઝોળી ભરી દો માં.. ૐ જય.....
હેમ હસ્ત લખેલી આરતી, જે કોઈ ભાવે ગાશે માં ..મૈયા..[૨]
આ ભવસાગરને ખેડી, સ્વર્ગમાં તે જાશે.. ૐ જય.....

ધૂન......

ભજીલ્યો નામ નામ નામ ભજીલ્યો માં શકટાંબિકાજીનું નામ.

ભજીલ્યો ભજીલ્યો ગૌતમ ગોત્રીઓ માં જગદંબિકાનું નામ.

ભજીલ્યો નામ નામ નામ....

જય જય નવદુર્ગા તારું નામ, જય જય દશવિદ્યા તારું નામ.

જય સપ્તમાતૃકા તારું નામ, જય ચૌસઠ્યોગીની તારું નામ.

ભજીલ્યો નામ નામ નામ.....

જય જય પાર્વતી તારું નામ, જય જય સરસ્વતિ તારું નામ.

જય જય મહાલક્ષ્મી તારું નામ, જય જય ત્રિદેવી તારું નામ.

ભજીલ્યો નામ નામ નામ.....

જય જય વૈષ્ણવી તારું નામ, જય જય ઈન્દ્રાણી તારું નામ.

જય જય સાવિત્રી તારું નામ, જય જય ગાયત્રી તારું નામ.

ભજીલ્યો નામ નામ નામ....

.જય જય ભવાની તારું નામ, જય જય ભૈરવી તારું નામ.

જય જય મહાગૌરી તારું નામ, જય ભુવનેશ્વરી તારું નામ.

ભજીલ્યો નામ નામ નામ....

.જય જય શક્તિ તારું નામ, જય જય મહામાયા તારું નામ.

જય જય મહાકાલી તારું નામ, જય જય સતિ તારું નામ.

ભજીલ્યો નામ નામ નામ....

.જય જય અંબિકા તારું નામ, જય જય ચામુંડા તારું નામ.

ભજીલ્યો ભજીલ્યો ભજીલ્યો, જય શ્રી શકટાંબિકાનું નામ.

ભજીલ્યો નામ નામ નામ....

ખમ્મા મારાં શકટાંબિકા માત

ખમ્મા મારાં શકટાંબિકા માત, મારે ઘેર ક્યારે પધારશો ?
નીશદિન જોઉં છું તમારી હું વાટ, માં શકટાંબિકા ક્યારે પધારશો ?
........ખમ્મા મારાં શકટાંબિકા માત
પૂજન કરતાં હવે મારાં હાથ દુઃખે છે, જપ જપતાં મારી આંગળિઓ સુજે છે.
દયા કરોને હે મારી માત, મારે દ્વારે તમે ક્યારે પધારશો.
........ખમ્મા મારાં શકટાંબિકા માત
ભજનો ગાતાં મારું મુખડું દુઃખે છે, યાત્રા કરતાં મારાં પગો થાક્યાં છે,
કૃપા કરોને હે મારી માત, મારે મંદિરે તમે કયારે પધારશો.
........ખમ્મા મારાં શકટાંબિકા માત
તારાં રટણથી હવે થાક લાગે છે, તારાં સ્મરણથી મારું દિલડું દ્રવે છે.
અનુકંપા કરોને મારી માત, મારે આંગણે તમે ક્યારે પધારશો.
........ખમ્મા મારાં શકટાંબિકા માત
પ્રતિક્ષા કરતાં હવે મારી આંખો થાકી છે, રાહ તારી જોતાં હવે વૃદ્ધ થયો છું.
પરોપકાર કરોને મારી માત, મારે ગામ ગામ તમે ક્યારે પધારશો.
........ખમ્મા મારાં શકટાંબિકા માત
તારાં કિર્તનથી કાનો બેરાં થયાં છે, તારી પ્રતિક્ષામાં શ્વાંસ થંભી રહ્યાં છે.
કરુણા કરોને મારી માત, મારે ધામ તમે ક્યારે પધારશો.
........ખમ્મા મારાં શકટાંબિકા માત
મારી સર્વ ભૂલોને ક્ષમા કરીને, આ રંક પર હવે દયા કરીને.
દર્શન દ્યો ને શકટાંબીકા માત, મારે ઘેર તમે વહેલાં પધારજો.
........ખમ્મા મારાં શકટાંબિકા માત


શ્રી



શ્રી

ૐ જય ગૌતમ સ્વામિ

ૐ જય ગૌતમ સ્વામિ, પ્રભુ જય ગૌતમ સ્વામિ.
ગૌતમ ગોત્રીનાં સંકટ (૨) તતક્ષણ દૂર કરો....... ૐ જય ગૌતમ
ગૌતમ ગોત્રનાં સંસ્થાપક, સપ્ત ઋષિ સ્વામિ..પભુ (૨)
ગૌતમવંશનાં પિતામહ..(૨) ગુરુવર તમે મારાં.... ૐ જય ગૌતમ
ધર્મસુત્રનાં લેખક, વેદોનાં રચિતા સ્વામિ...પ્રભુ (૨)
ન્યાયસુત્રના નિર્માતા(૨), મહામુનિવર સ્વામિ.......ૐ જય ગૌતમ
દિર્ઘતમસનાં તમે સુત, ગૌતમ કુળ ધારી..પભુ (૨)
પ્રદ્વેશીનાં સુપુત્ર ..(૨) માં અહલ્યાનાં સ્વામિ........ ૐ જય ગૌતમ
શકટંબિકા માતાનાં સેવક, શ્રી શંકરનાં તમે શાધક...પ્રભુ (૨)
ગંગા માંને તેડાવ્યાં..(૨) ગોદાવરી માતાનાં રૂપમાં....ૐ જય ગૌતમ
તમે કરુણાનાં સાગર, તમે કર્તા હર્તા...સ્વામિ (૨)
અમે અંધ અજ્ઞાની..(૨) કૃપા કરો ભર્તા.............. ૐ જય ગૌતમ
બ્રહ્મા વિષ્ણુ મહાશીવ, ગુણ તારાં ગાતાં...મહર્ષિ (૨)
પર બ્રહ્મ પરમેશ્વર...(૨) તમે મારાં સ્વામિ .... ૐ જય ગૌતમ
જે માંગો ફળ પામો, શાંતિ મળે મનમાં..પભુ (૨)
સુખ સમ્પત્તિને પામો..(૨) દુખ મટે તનનાં.......... ૐ જય ગૌતમ
દુઃખ હર્તા સુખ કરતાં, ગોત્રેશ્વર મારાં...સ્વામિ (૨)
શુભ આશિષ તમે આપો..(૨) ચરણ પડું હું તારે....ૐ જય ગૌતમ



શ્રી શકટાંબિકા ચાલીશા

નમો નમો શકટાંબિકે માતા, નમો નમો જગદંબે માતા.
ગૌતમકુળનાં કુળદેવી માતા, પુષ્પાદરમાં વસીયાં અંબેમાતા. ......નમો નમો
નિરાકાર છે સ્વરૂપ તમારું, આદી મધ્યાંત વિના રૂપ તમારું.
સર્વત્ર સર્વવ્યાપી છે રૂપ તમારું, સર્વજ્ઞ છે માતા રૂપ તમારું. ......નમો નમો
સુંદર શશી સમું મુખ તમારું, શોભે છે અત્યંત સ્વરૂપ તમારું.
સોળેશણગાર તમને અતિ શોભે, દર્શન કરી ભક્તો સુખ પામે. ......નમો નમો
જગતનાં તમે જગજનની માતા, પાલક પોષક રક્ષક છો ત્રાતા.
અન્નપૂર્ણા છો તમે શકટાંબિકે માતા, કન્યાકુમારીકા છો તમે માતા. ......નમો નમો
પ્રલયકાળનાં તમે છો સર્વવિનાશી, તમે શિવશંકર પ્યારાં ગૌરી.
શિવશક્તિ રૂપ અર્ધનારીશ્વર નારી, નારીશક્તિ મહા શક્તિશાળી. ......નમો નમો
યોગીમુની સૌ તમારાં ગુણ ગાયે, બ્રહ્મા વિષ્ણુ શિવ ધ્યાન લગાવે.
સર્વ દેવલોક તમને શીશ નમાવે. સઘળાં દાનવ સદા થરથર કાંપે. ......નમો નમો
ધર્યું સરસ્વતી સ્વરૂપ તમે માં, આપો સદા સદબુદ્ધિ અમને માં.
ધર્યું શ્રીલક્ષ્મી સ્વરૂપ તમે માં, આપો ધનધાન્ય સુખ વૈભવ માં. ......નમો નમો
ધર્યું પાર્વતી સ્વરૂપ તમે માં, આપો મહા શક્તિ તમે અમને માં.
ધર્યું જગમાતૃ સ્વરૂપ તમે માં, આપો પ્રેમ વાત્સલ્ય અમને તમે માં. ......નમો નમો
ગંગા સિંધુ સરસ્વતી મહામાતા, યમુના ગોદાવરી ગંડકી માતા.
પાવન પવિત્ર જળની તમે છો દાતા, શિવજટામાં તમે છો સમાયાં. ......નમો નમો
નવદુર્ગા, ચામુંડા, ભૈરવી, ભવાની, તારા તમે છો જગતારીણી.
વૈષ્ણવી,ચંડી, પાર્વતી, ઈન્દ્રાણી, દુઃખ દરિદ્ર સંકટ નિવારીંણી. ......નમો નમો
ક્ષીરભવાની હિંગળાજને જ્વાલા, સપ્તમાતૃકા ને દશવિદ્યા માતા.
ગાયત્રી, સાવિત્રીને કાળરાત્રિમાતા. ભક્તજનોની સૌભાગ્યવિધાતા. ......નમો નમો
કરમાં ખડ્ગ, બ્રહ્મ, ત્રિશુળ વિરાજે, ભૂતપિચાશ ભયભિત થઈ ભાગે.
શંખ ચક્ર ગદા પદ્મ ધનુષ્ય ગ્રહાવે, દૈત્યરાક્ષસ ભયથી ભયંકર કાંપે. ......નમો નમો
મહિસાસુર મર્દીની અંબામાતા, શુમ્ભ નિશુમ્ભ વિનાશીની માતા.
ચન્ડમુન્ડ વધકરનારી માતા, ધુમ્રલોચન રક્તબીજ હણનારી માતા. ......નમો નમો
દુષ્ટ દૈત્યોની સંહારક અંબિકામાતા, કાળભૈરવી મહાકાળીકા માતા.
ભક્તજનોની તું સદા તારક માતા, ગૌતમ ગોત્રની શકટાંબિકા માતા. ....નમો નમો
શકટાંબિકામાતાની અનોખી સવારી, વાઘ, નંદી, સિંહશકટ ને હાથી,
ઐરાવત ગરૂડને હંસની સવારી, સાતે દિવસ માંની વિવિધ સવારી. ......નમો નમો
સપ્તમાતા સ્વરૂપ શકટાંબિકેમાતા, વિશ્વજનો થાકે તારી મહિમા ગાતાં.
પાયે લાગું હે પરમકૃપાળુ માતા, તમે છો દીનદયાળુ શકટાંબિકામાતા. ....નમો નમો

શકટંબિકા ચાલીશા જે કોઈ ગાયે, આધી વ્યાધી ઉપાધી તેનાં દૂર થાયે.
દુઃખ દરિદ્ર વિધ્ન તેનાં દૂર થાયે, મનવાંછીત મહાફળ પ્રાપ્ત થાયે....... ......નમો નમો
બુદ્ધિ, જ્ઞાન અને ડહાપણને પામે, સુધ બુધ, સંસ્કૃતિ સંસ્કારને પામે.
શૌર્ય, શક્તિ અને બળને પામે, રિદ્ધિ, સિદ્ધિ અને સર્વવૃદ્ધિને પણ પામે. ....નમો નમો
સુખ, સંપત્તિ, સંતતી તે પામે, ધન, ધાન્ય, પશુ, પુત્ર લાભને પામે.
શાંતી સંતોષ પરમાનંદને પામે, સર્વસુખ ભોગવી વૈકુંઠને સહુ પામે. ....નમો નમો
ગૌતમ ગોત્રગણ તુજ મહિમા ગાયે, શ્રદ્ધા ભાવથી તમને સુમન ચઢાવે
કૃપા દયા કરો હે શકટંબિકામાતા, આશિષ આપો હે નવદુર્ગામાતા.................નમો નમો
'સ્વસ્તિકાનંદ' તુજ ગુણગાન રચિતા, જય હો જય શકટાંબિકે માતા.

- હેમંતકુમાર ગજાનન પાધ્યા [સ્વસ્તિકાનંદ]



મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત

હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી અંબેમાત, તમને વિનંતિ કરીએ સહુ સાથ,
હે દેજો સુખ સમૃદ્ધિ શાંતિ સઘળું સાથ, હે મહા માતેશ્વરી મૈંયા શકટંબિકા........હે મારાં
અમે તારાં છીએ નાનકડાં બાળ, હે માતાજી લેજો તમે અમારી સંભાળ.
અમે અબુધ અને છીએ અજ્ઞાન, અમને દેજો તમે વિદ્યાનાં દાન...... હે માં શકટંબિકા .
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં.... શકટંબિકા.
અમે નિર્ધન, રંક અને છીએ કંગાળ, અમને દેજો તમે લક્ષ્મીનાં મોટાં ભંડાર .
અમે દરિદ્ર, રોગી અને છીએ નિર્બળ, અમને દેજો શક્તિનાં સંચાર...,હે માં શકટંબિકા .
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં....
અમે કામી ભોગી અને છીએ લોભી સાથ, અમને દેજો તમે સદબુદ્ધિનાં દાન.
અમે કપટી પ્રપંચીને કાવતરાંબાજ, અમને દેજો તમે સદવિચાર.. હે માં શકટંબિકા.
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં....
અમે શાધક તારાં છીએ હે અંબે માત, કરજો હર ભુલોને અમારી તમે માફ.
અમે પાયે પડીયેછ ીએ હે નવદુર્ગામાત, ક્ષમા કરજો બધાં અપરાધ. હે માં શકટંબિકા.
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં....
અમે કરીએ નતમસ્તક તમને નમસ્કાર, કૃપા કરો અમારાં પર અપરંપાર.
આપો અમને શુભવરનાં વરદાન, કરજો ગૌતમત્રીઓના તમે કલ્યાણ.. હે માં શકટંબિકા
..... હે મારાં ગૌતમગોત્રનાં કુળદેવી માત....હે માં....

વંદન કરીએ ગૌતમ ઋષિને

[મહર્ષિ ગૌતમ વંદનાં]
વંદન કરીએ શ્રી ગૌતમ ઋષિને, વંદન કરીએ સપ્ત ઋર્ષિને.
ગૌતમગોત્રનાં સ્થાપક તમને, ગૌતમવંશનાં મુનિવર તમને.   ......વંદન કરીએ
દિર્ઘતમસ મહર્ષિનાં સુપુત્રને, પ્રદ્વેશી માતાનાં લાડલાં સુતને.
અંગીરસ સુરુપાનાં પ્રપૌત્રને, માતા અહલ્યાનાં સ્વામિ પતિવરને. ...વંદન કરીએ
નોંધા, વામદેવ, શતાનંદનાં પિતાને, હનુમંતમૈયા અંજલીનાં પિતાને.
ગાર્ગ, શાંડિલ્યનાં ગુરુદેવને, ભારદ્વાજ પ્રાચિનાં મહા ગુરુવરને. ......વંદન કરીએ
ધર્મસુત્રનાં એ મહા રચિતાને, ગૌતમ શિક્ષાનાં પીઢ શિક્ષકને.
સામવેદી રાણાયણી સર્જક્ને, પિતૃમેધ સુત્રનાં મહા રચિતાને.   ......વંદન કરીએ
ગૌતમ સુત્રનાં વિદ્વાન લેખકને, ન્યાયસુત્રનાં પિતાપરમેશ્વરને.
વેદ મંત્રોનાં દિર્ઘ દ્રષ્ઠા તમને, ગોત્ર પ્રવર્તક મહા મહર્ષિને.   ......વંદન કરીએ
ગૌતમીગંગાનાં પ્રણેતા મહાઋષિને, ત્ર્યંબકેશ્વરનાં મહાસાધક્ને.
ગૌતમ ગોત્રનાં ગુરુવરને, ગૌતમવંશનાં આદિવંશજ ગૌતમને. ....વંદન કરીએ

માં ઉદીચ્ય દેશથી.....

માં ઉદીચ્ય દેશથી આવીયાં માં શકટંબિકા રે..

હે મૈંયા પધાર્યાં ગુજરાત, પુષ્પાદર વાળી રે.....

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે સોનીડાએ માંડ્યા હાટ, પસવાદળ વાળી રે....

માં સોનીડો તે લાવે આભૂષણો, માં શકટંબિકા રે..

હે મારી શકટંબિકા માંને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે માળીડાએ માંડ્યા હાટ, પસવાદળ વાળી રે....

માં માળીડો લાવે ફૂલ ગજરાં, માં શકટંબિકા રે..

હે મારી અંબા ભવાનીને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે કાપડિયાએ માંડ્યા હાટ, પસવાદળ વાળી રે....

માં કાપડિયો લાવે નવરંગ ચુંદડી, માં શકટંબિકા રે..

હે મારી શકટંબિકા માંને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે કુંભારે માંડ્યા હાટ, પસવાદળ વાળી રે....

માં કુંભાર લાવે નવઘટ સાથ, માં શકટંબિકા રે..

હે મારી નવદુર્ગા માંને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે કંસારીડાએ માંડ્યા હાટ, પસવાદળ વાળી રે....

માં કંસારો લાવે કળશ-થાળ, માં શકટંબિકા રે..

હે મારી શકટંબિકા માંને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે કંદોઈએ માંડ્યા હાટ, પસવાદળ વાળી રે....

માં કંદોઈ લાવે પાંચ પકવાન, માં શકટંબિકા રે..

હે મારી શકટંબિકા માંને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે લુહારે માંડ્યા હાટ, પસવાદળ વાળી રે....

માં લુહાર લાવે ત્રિશૂળ તલવાર, માં શકટંબિકા રે..

હે મારી શકટંબિકા માંને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે શાસ્ત્રીએ માંડ્યા પુજાપાઠ, પસવાદળ વાળી રે....

માં શાસ્ત્રીએ કિધાં અનુષ્ઠાન, માં શકટંબિકા રે..

હે મારી શકટંબિકા માંને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....

માં સિદ્ધપુર શહેરનાં ચાર ચહુટાં માં શકટંબિકા રે..

હે ભક્તો અવ્યાં સહુ સાથ, પસવાદળ વાળી રે....

માં ભક્તો લાવે ભક્તિનો ભાવ, માં શકટંબિકા રે..

હે મારી શકટંબિકા માંને કાજ...હે પુષ્પાદર વાળી રે...

માં ઉદીચ્ય દેશથી આવીયાં....



આપો આપો આપો આપો મોરી માત .....

આપો આપો હે શકટંબિકા માત, અમને શુભ આશિષ આપોને.

આપો આપો આપો હે મોરી માત, અમને ભાવ ભક્તિ આપોને.

આપો આપો આપો આપો મોરી માત .....

દુર્વિચાર દૂર કરી સદવિચાર આપો,

દુર્ભાવ દૂર કરી સદભાવ આપો.

આપો આપો આપો આપો મોરી માત .....

દુરાગ્રહ દૂર કરી અંમને સદાગ્રહ આપો,

દુર્ગુણ દૂર કરી અંમને સદગુણ આપો.

આપો આપો આપો આપો મોરી માત .....

દુર્જનતા દૂર કરી અંમને સજ્જનતા આપો,

દુર્જય દૂર કરી અંમને સદજય આપો,

આપો આપો આપો આપો મોરી માત .....

દુર્દશા દૂર કરી અંમને સદદશા આપો,

દુર્બળતા દૂર કરી અંમને સબળતા આપો.

આપો આપો આપો આપો મોરી માત .....

દુર્લાભ દૂર કરી અંમને સદલાભ આપો,

દુર્ભાગ્ય દૂર કરી અંમને સદભાગ્ય આપો.

આપો આપો આપો આપો મોરી માત ... અમને ભાવ ભક્તિ આપોને.

આપો આપો આપો આપો મોરી માત ...અમને સદા શક્તિ આપોને. .

આપો આપો આપો આપો મોરી માત ....અમને મહા મુક્તિ આપોને.

આપો આપો આપો આપો મોરી માત ....અમને મહા મૌક્ષ આપોને.

આપો આપો આપો આપો મોરી માત..... અમને દિવ્ય દર્શન આપોને.



હે શકટંબિકા માડી તું છે અંબાભવાની

હે શકટંબિકા માડી તું છે અંબાભવાની, પસવાદળની પટરાણી માં તું અંબાભવાની.

આવો આવોને તમે વહેલાં તત્કાળ, હે નવદુર્ગા માં લઈને સિંહ-શકટની સવારી.

તમારી પ્રતિક્ષામાં હું તો ઘેલી બની છું, સુધ બુધ ખોઈને હું તો ભાન ભૂલી છું.

તારાં દર્શનમાં હું તો પ્રેમાંધ બની છું, હવે દર્શન દ્યો ને હે શકટંબિકા મારી માત..

નયને નિહાળવાં માં અંબિકા તમને, હૈયું મારું તલ પાપડ થાય હે માં મહાકાળી.

હે આરાસુરવાળી માં પાવાગઢવાળી, ભક્તજનોને માં તું સાક્ષાત દર્શન દેવાળી...

તારે માટે માં મેંતો સોળશ્રીંગાર સજાવ્યાં, ચણીયાં ચોળીને નવરંગ ચુંદડી મંગાવ્યાં.

આભલાં હીરાંને તેમાં મોતી ટંકાવ્યાં, નવલખ રત્નોને સોનાનાં હાર કુંડળ ઘડાવ્યાં.

હે મારી શકટંબિકા માંને કાજ.....

છપ્પન ભોગનાં મેંતો થાળ બનાવ્યાં, નીતનવા મધુર ફળ-મેવાંનાં ભોગ ચઢાવ્યાં.

રંગ બેરંગી ફુલોથી હિંડોળાં શણગાર્યાં, સુંદર સુગંધી પુષ્પોનાં હાર-ગજરાં બનાવ્યાં.

હે મારી શકટંબિકા માંને કાજ.....


કૃપા કરીને હવે અમ ઘેર તો ભલેપધારો, દયા કરીને હે માં અમને શુભદર્શન આપો..

અમારી સર્વ ભૂલચૂકને તમે ક્ષમા આપો, શુભ-મંગળ આશિષ દઈને વર અમને આપો.

ભક્તજનોની માં તુ છે સદાસર્વદા રખવાળી. સુખ વૈભવ શાંતિને સદા સમૃદ્ધિ દેનારી,

દુખ દરિદ્ર કષ્ટને હર સંકટ હરનારી, જય હો જય જય હો શ્રી શકટંબિકા મારી માત. .

શ્રી



શ્રી

દર્શન આપો શકટંબિકે માત.....

દર્શન આપો શકટંબિકે માત, મારાં નયનો તરસ્યાં રે...[૨] દર્શન આપો...

ભાવભક્તિની જ્યોત પ્રકટાવો, પસવાદળવાળી રે...

દર્શન આપો શકટંબિકે માત .....

હર મંદિરમાં મૂર્તિ તારી, તેમ છતાં નથી જોતી દ્રષ્ટિ મારી...[૨]...આ...આ..

યુગોથી નથી આવી ઘડી મિલનની, પુષ્પાદરવાળી રે.....

દર્શન આપો શકટંબિકે માત .....

કૃપા દયા જ્યારે તમ હોયે, રંક દરિદ્ર મહારાજા બની જાયે...[૨] ...આ...આ..

અંધ નિહાળે અપંગ પગપાળે પહોંચે પસવાદળ રે....

દર્શન આપો શકટંબિકે માત .....

તારી પ્રતોક્ષામાં થાકી ગયો છું, મનને હવે હું કેમ સમજાવું...[૨]

સંતાકુકડી છોડો હવે તો, શકટ સવારી.. વાળી રે....

દર્શન આપો શકટંબિકે માત .....

ગાવો ધુમો ગરબે.....

મારી શકટંબિકા માતાની, આવી નવરાત્રી રે...
ગાવો ધુમો ગરબે સખીઓ તમે, સારી રાતલડી રે...
શણગારો ઘર આંગણ સારાં, મંડપ સજાવો રે...
મુરતી માતા અંબાની લાગે, સૌથી રુપાળી રે...
ગાવો ધુમો ગરબે.....
સોળેશણગાર સજ્યાં માતાએ, લાગે સુંદરન્યારાં રે.
સુખ વૈભવનાં દાતા માતાજી, તેમની બલિહારી રે....
ગાવો ધુમો ગરબે.....
વાગે ઢોલ ઘંટ નગારાં રે, મંત્રોનાં થાયે ઉચ્ચારાં રે....
ગુંજે જય અંબેનાં નારાં રે, હોયે સર્વ જય જયકારા રે....
ગાવો ધુમો ગરબે.....
ભક્તિનાં ભાવોમાં ડુબ્યાં મધુરાં, હર નરને નારી રે...
કરો હવે ધન્ય જીવન હમારાં, ગાયે ગુણ શકટંબિકાનાં રે...
ગાવો ધુમો ગરબે.....

અંબા ભવાની છે નામ......

અંબા ભવાની છે નામ, હે માતા તારું આ જગમાં...[૩]

દુર્ગા મહાકાલી છે નામ, હે મૈયા તારું આ જગમાં...

નવદુર્ગા નવ રુપ છે તમારું..[૨],દાનવોનો સંહાર કરવા અવતર્યું.

હે તારું ધ્યાન ધરે સંસાર...

અંબા ભવાની છે નામ......

સિંહ્વાંસીની તમે છો માત..[૨], ભક્તજનોની તારણહાર

હે દુઃખહારીણી છે તારું નામ...

અંબા ભવાની છે નામ......

સોળેશ્રીંગારોમાં મૈંયાજી સોહે..[૨], દર્શન કરવાં મારું મન મોહે..,

સ્નેહ પ્રેમની માં મૂર્તિ સમાન...

અંબા ભવાની છે નામ......

માથાંપર તારાં ચંદલો શોભે..[૨] નવરંગ ચુંદડી અતિસુંદર સોહે.

મુખ પર સ્મિતનું વરદાન....

અંબા ભવાની છે નામ......

ભક્તજનો પુજા પાઠ કરાવે..[૨] તારાં મંદીરીયે ધજા ચઢાવે..

કરે કોટી કોટી માં પ્રણાંમ...

અંબા ભવાની છે નામ......

ભકતજનો હવન હોમ કરાવે..[૨] ગરબા રાસને આરતી ગાયે.

હે ભાવે ભજે સદા તુજ નામ...

અંબા ભવાની છે નામ......

પાલન પોષણહારી માતા...[૨] ભક્તજનોની રખવાળી માતા..

હે તમે કરોને ભક્તોનાં કલ્યાણ...

અંબા ભવાની છે નામ......


ભક્તજનોની વિનંતી સ્વિકારો, [૨] હવે અમારાં ઘરે પધારો.

દ્યોને દિવ્ય દર્શન અંબે માત...

અંબા ભવાની છે નામ......

અંબિકા માં જગદંબિકા...

હે મારી કુળદેવી શકટાંબિકે માત, તમને ભાવે ભજીએ અમે દિન રાત.
હો તમે લેજો અમારી સંભાળ, હે જગજનની માતા શ્રી શકટાંબિકા.
અંબિકા માં જગદંબિકા...પસવાદળવાળી અમારી શકટાંબિકા.. .
હે તારી મહિમાં છે અપરંપાર, હે તારી માયા મમતા અઢળક અપાર.
હે તારાં અદભૂત અનોખાં ચમત્કાર, હે તારો સ્નેહ મહાસાગર વિશાળ.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....
હે તારી સુંદરતાનો નથી કોઈ જોડ, હે તારી દિવ્યતાનો ન્થી કોઈ પાર.
હે તારી લીલા છે અતિ અલૌકીક, હે તારી શક્તિ છે વિપુલ વિશાળ.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....
હે તારી અનુકમ્પા કરુણા છે મહાન, હે તારી કૃપા દયાનો નથી પાર.
હે તું તો લે છે ભક્તોની સંભાળ, હે તું તો કરે છે ભક્તોનું કલ્યાણ.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....
હે ભાવે ભજીએ સદા તમારું નામ, હે લેજો શરણમાં અમને અંબે માત.
હે દેજો તારાં ચરણોંમાં અમને સ્થાન, હે કરજો હવેતો અમારો ઉદ્ધાર.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....
હે અમે વંદન કરીએ વારંવાર, હે અમને આપોને શુભ આશિર્વાદ.
હે તારાં ભક્તો જુએ છે તારી રાહ, હે હવે દર્શન દ્યોને માં તત્કાળ.
હે માતા શકટાંબિકા.... અંબિકા માં જગદંબિકા.....



મારી... માંની ચુંદડી છે લાલ....

મારી માંની ચુંદડી છે લાલ, નવરંગ રંગોવાળી...[૨+૨ વૃંદ].
હો..નવરંગ રંગોવાળી..ઓ..નવરંગ રંગોવાળી ..
મારી... માંની ચુંદડી છે લાલ, નવરંગ રંગોવાળી[૨+૨ વૃંદ].
માંની ચુંદડીમાં હીરાં જડ્યાં છે..[૨] હીરાં જડ્યાં છે મોતી જડ્યાં છે..[૨]..[૨]
હે મારી માંની મહિમા અપરંપાર, હે માં સપ્ત સિંહાસનવાળી...
મારી માંની ચુંદડી છે લાલ, નવરંગ રંગોવાળી...[૨+૨ વૃંદ].
માંની ચુંદડીમાં જરી ભરી છે..[૨] જરી ભરી છે આભલાં ભર્યાં છે...[૨] ..[૨]
હે મારી માંની કૃપા છે ઘણી અપાર, હે માં પસવાદળવાળી....
મારી માંની ચુંદડી છે લાલ, નવરંગ રંગોવાળી...[૨+૨ વૃંદ].
માતાનાં દ્વારે તું પ્રાયશ્ચિત કરીલે..[૨], ભક્તિનાં સાગરમાં ડુબકી મારીલે..[૨] [૨]
હે માંની માયા અદભૂત છે અપાર, હે માં પુષ્પાદળવાળી....
મારી... માંની ચુંદડી છે લાલ, નવરંગ રંગોવાળી[૨+૨ વૃંદ].
મમતાની માતા માં શકટંબિકા ભવાની[૨], ભક્તોની ભરે છે માં ઝોળી ખાલી..[૨] [૨]
તારી... પૂજા કરે સઘળો સંસાર, હે માં સાત સ્વરૂપોવાળી...
મારી... માંની ચુંદડી છે લાલ, નવરંગ રંગોવાળી[૨+૨ વૃંદ].
દયાની અમૃતધારા વર્ષાવો[૨] આવ્યાં છે દ્વારે તારે આશિષ આપો ...[૨] ..[૨]
હે કરીએ તારી અમે જય જયકાર, હે માં ગૌતમ ગોત્રીઓની...
મારી માંની ચુંદડી છે લાલ, નવરંગ રંગોવાળી...[૨+૨ વૃંદ].
હો..નવરંગ રંગોવાળી..ઓ..નવરંગ રંગોવાળી ..
મારી... માંની ચુંદડી છે લાલ, નવરંગ રંગોવાળી[૨+૨ વૃંદ].....[૪]



જય જગદંબે માં પસવાદળવાળી...

જય જગદંબે માં પસવાદળવાળી, કૃપા કરો માં શકટ અંબિકા કાળી..[૨]
અતિ સુંદર શોભે છે પ્રતિમા તારી, દિવ્ય દર્શન આપોને માં શકટાંબિકાજી ..
જય જગદંબે માં પસવાદળવાળી...
જય પાર્વતી જય હો ઈન્દ્રાણી, કૃપા કરોને માં નવદુર્ગા કાળી ..[૨]
જય વૈષ્ણવી જય સરસ્વતી...દયા કરો માં દુર્ગા ભવાની
જય જગદંબે માં પસવાદળવાળી...
જય લક્ષ્મી જય હો અંબિકાજી,...અનુકંપા કરોને માં ચમુંડા ચંડી...[૨]
જય ભુવનેશ્વરી જય હો વાઘેશ્વરી, કૃપા કરોને, માં મહેશ્વરી....
જય જગદંબે માં પસવાદળવાળી...
નવ રૂપોવાળી માં દશભૂજધારી,અનુરાગ કરો માં તુળજા ભવાની ..[૨]
હાથમાં ત્રિશુળ ગદા ખડગધારી, દયા કરોને માં ત્રિપુરા સુંદરી...
જય જગદંબે માં પસવાદળવાળી...
જગજનનની હે માં વિશ્વવિધાત્રી, ખંમ્મા કરોને માં ચોશઠ જોગણી. ..[૨]
જગ કલ્યાણી હે માં જગપાલનહારી,કૃપા કરોને માં ગૌરી ગાયત્રી...
જય જગદંબે માં પસવાદળવાળી...
દશવિદ્યા હે માં અષ્ટમાતૃકાજી, દયા કરોને માં સિંવ્હાસીની.....
મહાશક્તિ હે માં સર્વશક્તિશાળી, કૃપા કરોને માં શકટાંબિકાજી.....
જય જગદંબે માં પસવાદળવાળી...







હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....

હે ગરબે ઘૂમો નાચો ગાવો ,માતાજીની નવરાત્રીમાં .
માતાજીની નવરાત્રીમાં, અંબામાતાનાં મંદીરમાં...
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
પહલે નોરતે જોષીજી પધાર્યાં, માતાજીનાં મંદીરમાં.
કરવાને પૂજા પાઠ અનુષ્ઠાન, માતાજીની સેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
બીજે નોરતે કાપડિયો પધાર્યો, માતાજીનાં મંદીરમાં.
લઈને નવરંગ ચૂદડી સાથ,. માતાજીની મહાસેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
ત્રીજે નોરતે માળીડો પધાર્યો, માતાજીનાં મંદીરમાં.
લઈને સુગંધી વેણી ફુલહાર, માતાજીની મહાસેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
ચોથે નોરતે કંસારીડો પધાર્યો, માતાજીનાં મંદીરમાં.
લઈને દીવી કળશ કુંભ સાથ, માતાજીની મહાસેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
પાંચમે નોરતે કુંભારીડો પધાર્યો, માતાજીનાં મંદીરમાં.
લઈને કોડિયાં ગરબીની સાથ, માતાજીની મહાસેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
છ્ઠ્ઠે નોરતે ગાંધીડો પધાર્યો, માતાજીનાં મંદીરમાં.
લઈને સુકામેવાનો પ્રસાદ, માતાજીની મહાસેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
સાતમે નોરતે દરજીડો પધાર્યો, માતાજીનાં મંદીરમાં.
લઈને ચણિયાં ચોળી સાથ ,માતાજીની મહાસેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
આઠમે નોરતે વેપારીડો પધાર્યો, માતાજીનાં મંદીરમાં.
લઈને સોળે શ્રૃગારોને સાથ,માતાજીની મહાસેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....
નવમે નોરતે ઢોલીદોડો પધાર્યો, માતાજીનાં મંદીરમાં.
લઈને ઘોલ મંજીરાં સાથ, માતાજીની મહાસેવામાં.
હે..... ગરબે ઘૂમો નાચો ગાવો.....

હે અંબા ભવાની છે તુજ નામ....

હે અંબા ભવાની છે તારું નામ, હે માતા તારું આ જગમાં.
હે નવદુર્ગા દશવિદ્યા તારું નામ, હે જગજનની માં અંબિકા,
સિંહાસની તમે છો અંબે માત, ભક્તોંનાં છો તમે તારણહાર.
કરો છો.... ભક્તનો તમે ઉદ્ધાર, હે મૈયાં જગદંબિકા... [૨]
હે અંબા ભવાની છે તુજ નામ....
માયા મમતાની મૂર્તિ સમાન, પ્રેમ સ્નેહની સરીતા સમાન.
રિદ્ધિ સિદ્ધિની દાતા મહાન, હે મૈયાં જગદંબિકા.... [૨]
હે અંબા ભવાની છે તારું નામ.....
પાલનહારી તમે પોષણહારી, ભક્તોંનાં સક્ષણહારી તમે માં,
